છેલ્લું પાંદડું ખરી ગયા પછી પણ ઝાડ ઊભું તો રહે છે. એનાં મૂળિયાંને માટીની આસક્તિ થઈ ગઈ છે. છોડવી સહેલી નથી. કોઈ જાણે કે ન જાણે.

સુમિત્રાનો પણ કંઈક એવો જ ઘાટ છે. ત્રણ ઓરડાના નાના ઘરમાં રહેવા આવ્યા પછી પણ ધારતી હતી એવી મોકળાશ કે આનંદનો અનુભવ હજુ લગી તો થયો નથી. પોતાની ઇચ્છા ન હોવા છતાં અવારનવાર કોઈ ને કોઈ યાદ આવી જાય છે. બધી યાદ કંઈ સુખદ હોતી નથી. પણ એમાં એનું કંઈ જોર ચાલતું નથી. આ શું દાગીનાની દુકાનમાં ખરીદી કરવા જેવું સહેલું કામ છે? જે ન ગમે તેને બાજુએ હડસેલી દો અને ગમી જાય તેને હૈયા સરસું ચાંપો?

પવન વાય ત્યારે એના મનમાં આવે તે સુગંધ લઈ આવે – ક્યારેક એ દુર્ગંધ પણ ઊંચકી લાવે – આપણો એ નોકર થોડો જ છે કે આપણી મરજી મુજબ જ ચાલે?

સુમિત્રા આ બધું સમજતી હતી. સિત્તેર વરસ કંઈ પાણીમાં નહોતાં નાખ્યાં – તેથી જ આ વિચાર કર્યો હતો ને, કે જતાં પહેલાં થોડું જીવી લેવું – પોતાની મરજી મુજબ, પોતાને સુખ આપે એવું... આખી જિંદગી કોને શું ગમશે કોને શું જોઈશે – ક્યારે જોઈશે એના વિચારોમાં, એના અમલમાં વીતી ગઈ. હવે બસ, હવે નહીં.

હવે એ પોતાને ગમશે એ રીતે જ જીવશે – ફાવે ત્યારે જાગશે, ફાવે ત્યારે ઊંઘશે, જે ગમે તે રાંધશે, જ્યારે ખાવું હોય ત્યારે ખાશે, જેને મળવું હશે તેને મળશે, જેને નહીં મળવું હોય તેને નહીં જ મળે...

પૂજા – હા, પૂજાની તેને ટેવ છે. પણ તે વહેલીમોડી થાય તેનો વાંધો નહીં. જે દેવની સાથે જેટલો વખત વાત કરવી હોય તેટલી કરશે. સંસ્કૃતમાં જ કરવી પડે એવું કોણે કહ્યું?

પતંગિયાની જેમ અહીંથી ત્યાં ઊડાઊડ કરતા વિચારોથી કંટાળીને તે પથારીમાંથી ઊભી થઈ ગઈ. અરીસો સામે જ હતો. અનાયાસે જોવાઈ ગયું – ઠીક લાગતું હતું એ સામેનું પ્રતિબિંબ. બહાર નીકળીને થોડી લટાર મારી શકાય. પછી નિરાંતે ચા પિવાશે. બપોરે ત્રણના ટકોરે જ ચા પિવાય એવું કોણે કહ્યું?

સહેજ આળસ મરડીને સુમિત્રાએ ચાલવા માટેનાં આરામદાયક ચંપલ શોધવા માંડ્યાં. પોતે જ આડાંઅવળાં મૂકી દીધાં હશે. કોઈનો વાંક કઢાય એવું તો હતું નહીં. ઘરમાં બીજું કોઈ હતું જ ક્યાં?

હજુ તો બહાર નીકળીને બારણાં બંધ કરે છે ત્યાં મોબાઇલ રણક્યો.

"સુમી, તું તો ખરી છે ને ભાઈ, ખરેખર તારા લવલી કૉટેજમાં આવી ગઈ? અમને બોલાવ્યાં પણ નહીં?" આ તીણો અવાજ યશુ સિવાય કોઈનો ન હોઈ શકે. સુમિત્રાએ જરા નારાજ થઈને કહ્યું, "તેડાંનોતરાંની શી જરૂર? મન થાય ત્યારે ફોન કરીને પૂછી જોવાનું, હું ઘરમાં હોઉં તો ટપકી પડવાનું."

"અરે વાહ! કશી તૈયારી નહીં કરવાની અમારા સ્વાગતની?" બસ, આ જ વાંધો હતો સુમિત્રાને – આખી જિંદગી આવી આગતાસ્વાગતાની લપમાં વહી જવા આવી. હજીયે શું એનું એ જ નાટક ભજવવાનું છે?

સહેજ રુક્ષતાથી એણે કહ્યું, "જો યશુ, મને મન થશે ત્યારે બોલાવીશ – તને મન હોય તો આવજે. સાથે એકાદ જણ હોય તો ચાલશે, બાકી આખું ધાડું ભેગું ના કરતી – પ્લીઝ."

"સુમી, તને શું થયું છે, તું કેમ આમ એકલી રહેવા આવી છે એ બધું અમારે ના જાણવું હોય?"

"હું જણાવવા બંધાયેલી નથી."

"ઓહો! તું અમારી ફ્રેન્ડ નહીં!"

"એની કોણ ના પાડે છે? પણ યશુ, પ્લીઝ અત્યારે હું કામમાં છું. ફરી કોક વાર નિરાંતે મળીશું. ઓ.કે.?"

"જેવી તારી મરજી. મને ના કહેવું હોય તો કંઈ નહીં, માલતીને તો કહીશ ને? કે એને પણ નહીં?"

સુમિત્રાએ ફોન સ્વિચ ઑફ કરી નાખ્યો. ઘણી વાર થતું, આ મોબાઇલ પણ ન રાખવો જોઈએ; પણ એ શક્ય નહોતું. છોકરાઓ દિવસમાં એકાદ વાર ફોન કરીને પૂછી લેતા – "મમ્મી, તું મઝામાં છે ને?"

"હા."

"કંઈ કામ હોય તો ફોન કરજે – પ્લીઝ!"

"શ્યોર."

હવે જો ફોન જ ન રાખે તો બિચારાઓને વારંવાર અહીં લગી આવવું પડે. નકામી પળોજણ વધે. અને બોલવાચાલવાનો વહેવાર પણ બંધ કરી દેવો પડે એવું તો કંઈ થયું નહોતું. જમાનાના પ્રમાણમાં બન્ને દીકરાઓ સારા જ હતા. વહુઓ સાથે પણ કશો વાંધો પડ્યો નહોતો. માત્ર પોતાને મન થયું હતું – પોતાની રીતે જીવવાનું – થોડુંક જીવી લેવાનું. પૈસા હતા. આ ઘર પણ ઘણા વખતથી લઈ રાખ્યું હતું – પોતે રહેવા આવી છે, એકલી આવી છે – સ્વતંત્રપણે રહેવું છે, એમાં મોટી આપત્તિ ક્યાં – કોને આવી પડી છે? અંબરીષને ગયે છ વરસ થઈ ગયાં. એ હોત તો કદાચ વાત જુદી હોત – કદાચ પોતે પણ આમ નીકળી ન પડત. બન્નેનું લગ્નજીવન એકંદરે ઠીક જ ચાલતું હતું. બન્નેને એકબીજાંની આદત પડી ગઈ હતી. પણ હવે લોકો શું કહેશે ને કોને શું લાગશે એવા બધા વિચારો કરીને મનમાં અવારનવાર જાગી ઊઠતી એકલા રહેવાની ઇચ્છા કચડી નાખવાનું કોઈ કારણ દેખાતું નહોતું સુમિત્રાને.

વળી હમણાં તબિયત સારી હતી. કોને ખબર છે, બેપાંચ વરસ પછી કશીક માંદગી આવી પડે ને પથારીવશ થઈ જવાય તો? પછી તો મનની વાત મનમાં જ રહી જાય ને!

શા માટે આ આઝાદી ન ભોગવી લેવી? કબૂલ, માણસને માથે જાતજાતની જવાબદારીઓ હોય છે. એ બધી ફેંકી દઈને મનનું ધાર્યું ન કરી શકાય. પણ જ્યારે ભાગ્યયોગે થોડી મોકળાશ સાંપડી જ છે ત્યારે કેમ આ અંતરની ઊંડી ઇચ્છાને વિનાકારણ પાછી ધરબી દેવી?

બોલવાનો થાક લાગતો હતો તેવો ને તેવો ક્યારેક વિચારવાનોયે થાક લાગતો હતો, પણ ઘડિયાળને ચાવી આપ્યા પછી એ તો ચાલે જ; ખબર નહીં આ મગજને ભગવાને કેવી રીતે ઘડ્યું છે કે જાતજાતના ને ભાતભાતના વિચારો ચાલ્યા જ કરે છે. કદાચ એમાંથી છટકવા માટે જ આ પાઠપૂજા ને માળા એવું બધું કાઢ્યું હશે લોકોએ...

ચાલતાં ચાલતાં પગ અટકી ગયા. એક આખો ક્યારો લજામણીના છોડથી છવાયેલો હતો, ક્યાંક ક્યાંક આછા જાંબલી રંગનાં રૂંવાંદાર નાનાંનાનાં ફૂલ પણ હતાં. સુમિત્રાની બાળપણની યાદ જાગી ઊઠી. પોતે પહેરેલાં કપડાંની પરવા કર્યા વગર એ નીચે બેસી ગઈ અને ક્યારામાં આમતેમ ટપલાટપલી કરવા લાગી તે સાથે આમલીનાં પાન જેવાં ઝીણાં ઝીણાં પાન નીચાં નમીને એકબીજાંને વળગી પડવા લાગ્યાં. જોતજોતાંમાં આખો ક્યારો જાણે લૂંટાઈ ગયો. સુમિત્રાને હસી પડવાનું મન થયું તે માંડમાંડ દબાવીને એ શાંતિથી રાહ જોવા લાગી. થોડીક જ વારમાં વળી પાછાં પાંદડાં ટટાર થશે – એકબીજાંથી અળગાં થશે અને આખો ક્યારો લીલાછમ વૈભવથી છવાઈ જશે.

ઓહો! કેટલાં બધાં વરસ પછી આ રમત રમવાનો સુયોગ આવ્યો!

ઓચિંતું કશુંક વજન ધબાક દઈને એના નીચા નમેલા વાંસા પર પડ્યું. કંઈક ગભરાઈને, કંઈક ચિડાઈને જોયું તો પગીની નાનકડી દીકરી ચંપા!

બીજાં છોકરાંઓ સાથે રમતાંરમતાં કોઈનો ધક્કો વાગ્યો એટલે એ આમ ગબડી પડી હતી. ભયભીત નજરે એ સુમિત્રા સામે જોઈ રહી. એના વાળ બરાબર ઓળેલા નહોતા. કોરાં, ધૂળિયાં લટિયાં પોતાના જ વજનને કારણે ઊડી શકતાં નહોતાં પણ આમતેમ વિખરાઈને એના કુમળા ચહેરાને જરા બદસૂરત બનાવતાં હતાં.

સુમિત્રાને મન થયું, આને ઘરે લઈ જઈને બરાબર ચોખ્ખીચટાક કરી તેલ નાખીને માથું ઓળી આપ્યું હોય તો કેવી લાગે? તે સાથે એ ઊભી થઈ,

અને ચંપાનું બાવડું પકડીને પોતાની સાથે ચલાવવા શું, ખેંચવા જ લાગી. છોકરી ગભરાઈ ગઈ ને રડવા માંડી.

"રડ નહીં. હું તને મારવાની નથી. મારે ઘેર લઈ જાઉં છું."

"શું કરવા?"

"તારી સાથે રમવા."

હવે આવો જવાબ તો કોઈ માને નહીં, ચંપાએ પણ ન માન્યો. એણે ઢીલું મોં કરીને કહ્યું, "તમે તો બહુ મોટાં છો. મારી સાથે કંઈ રમાય તમારાથી?"

સુમિત્રા અટકી ગઈ. છોકરીની વાત સાચી હતી. લજામણી સાથેની રમતમાં એ પોતાની ઉંમર ભૂલી ગઈ હતી. ચંપાનો હાથ છોડી દઈને એણે કહ્યું, "ઠીક – જા, તારે ઘેર – કાલે મન થાય તો સવારે મારે ઘરે આવજે. જોયું છે મારું ઘર?"

ચંપાએ ઘર સામે આંગળી ચીંધી અને પછી હિંમત કરી તે બોલી, "બિસ્કૂટ આપશો?"

"હા – બહુ વહેલી ન આવતી."

હકારમાં માથું ધુણાવતી છોકરી દોડી ગઈ. સુમિત્રા ઘર તરફ પાછી વળી ચાલતાંચાલતાં યાદ આવ્યું એટલે પાછો મોબાઇલ ચાલુ કર્યો. તરત જ સોહનનો ફોન આવ્યો. "મમ્મી, મઝામાં છો?"

"હા."

"મિતુલે પેલાં – શું? હા, પથ્થરવેલિયાં બનાવ્યાં છે. તમારે માટે મોકલું?"

"ના બેટા – મને એનાથી ખંજવાળ આવે છે, અને સોહન... એને પથ્થરવેલિયાં ના કહેવાય."

"મિતુલ તો કહે છે."

"પત્તરવેલિયાં! એકલાં પાતરાં કહે તો પણ લોકો સમજી જાય."

"ઓહો! એવું?"

"હા... તમે બધાં મઝામાં છો ને?"

"હા..., તમે મઝામાં છો ને? ના ગમતું હોય તો પાછાં આવતાં રહેજો, હં."

"ગમે છે – બહુ ગમે છે."

"તો સારું."

"સોહન! થૅન્ક યુ."

"શું તમે પણ મમ્મી! શું? અરે હાં, ઊભાં રહેજો આ મિતુલને કંઈ કામ છે. એને થર્મોમીટર જડતું નથી. તમને યાદ છે, ક્યાં મૂક્યું છે?"

"ના. કોને તાવ આવ્યો છે?"

"આવ્યો નથી પણ આવશે એવું લાગે છે – આ શૈલને. તેની ચિંતા ન કરતાં. એ તો આખો દહાડો ક્રિકેટ રમ્યા કરે છે ને ધોની થવાનાં સપનાં જુએ છે."

સુમિત્રા હસી પડી. "છોકરાં સપનાં નહીં જુએ તો કોણ જોશે? સાચવજો."

"ઓ.કે. મમ્મી!"

"આવજે બેટા."

સુમિત્રા ઘેર પહોંચી ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. એણે વિચાર કર્યો કે હવે ચા પીવાની કશી જરૂર નથી. દૂધપૌંઆ ખાવાની મજા આવશે, કોઈને પૂછવાની તો જરૂર હતી નહીં...

પૌંઆ પલાળીને એણે પોતાનું નાનકડું હાર્મોનિયમ કાઢ્યું અને નાનપણમાં જે બે-ચાર ગીત શીખેલી એના પર હાથ અજમાવ્યો. સાથેસાથે ગાવાનું મન થયું એટલે પહેલાં ધીમેથી અને પછી મોટેથી ગાઈ પણ નાખ્યું.

મઝા આવી ગઈ. કોઈને સંભળાવવા નહીં, કોઈની વાહવાહ મેળવવા નહીં - બસ, મન થયું એટલે ગાયું. જેવું આવડ્યું એવું ગાયું. મોટેથી ગાયું.

પછી દૂધપૌંઆ અને છેલ્લે ગઈ કાલની અધૂરી રહેલી ડિટેક્ટિવ નૉવેલ... કોઈ પૂછનાર નથી કે આવું ભંગાર જેવું શું વાંચે છે?

બસ, પોતાને ગમે છે એટલે વાંચે છે – પતી ગઈ વાત!

મોડોમોડો અખિલનો ફોન આવ્યો.

"મમ્મી, બ્લડનું સૅમ્પલ લેવા માણસ સાડા સાતે આવશે. જોજે, સવારે કંઈ ખાતીપીતી નહીં."

"ના, ના, કોઈને મોકલતો નહીં, મારી તબિયત સારી છે."

"જો મમ્મી, એવી હઠ નહીં કરવાની; પછી ડૉક્ટર દેસાઈ ચિડાશે."

"ભલે ચિડાય! હું કહું છું કે મારી તબિયત સારી છે, ને મને આ બધી ઝંઝટ નથી જોઈતી."

"મમ્મી!"

"પ્લીઝ, અખિલ!"

"પછી તું માંદી પડશે તો?"

"અહીંથી લઈ જજે ને હૉસ્પિટલમાં નાખી આવજે, બસ?"

"પણ..."

"જો બેટા, માંદગી કોને નથી આવતી? મરણ કોને નથી આવતું? ત્યારની વાત ત્યારે. હમણાં તો મને અહીં નિરાંતે રહેવા દે."

"મમ્મી, તું સમજતી કેમ નથી? અમે બન્ને જણ છીએ તો પણ તું આમ એકલી રહેવા જાય તે લોકોમાં કેવું દેખાય?"

"લોકોને બરાબર ન દેખાતું હોય તો ચશ્માંના નંબર બદલાવે – આપણે શું?"

"મમ્મી, યુ આર ધ લિમિટ!" અખિલથી હસી પડાયું. "વારુ, તને ગમે તેમ કર, પણ માંદી ન પડતી, ઓ.કે.?"

"એની કોઈ ગૅરન્ટી નથી આપતી."

"કમ સે કમ, ઠીક ના લાગતું હોય તો મને કે સોહનિયાને કહીશ તો ખરી ને?"

"ચોક્કસ."

"થૅન્ક યુ મમ્મી – ચાલ, ગૂડ નાઇટ!"

"હેપી ડ્રિમ્સ!" કહીને સુમિત્રાએ કૉલ પતાવ્યો અને ચોપડી પાછી પકડી... અધૂરું પાનું શોધતાં વાર લાગી એટલામાં તો ચોપડી હાથમાંથી સરી પડી અને પોપચાં મીંચાઈ ગયાં.

આટલી જલદી ઊંઘ આવી શકે અને તેય પાછી છેક સવાર લગીની, એવું તો છેલ્લાં કેટલાંય વર્ષોમાં બન્યું જ નહોતું. જાગતાંની સાથે એક નાનકડું સ્મિત એના હોઠ પર આવ્યું અને આખા ચહેરાને અજવાળી રહ્યું.

સહેજ આળસ મરડીને સુમિત્રા ઊભી થઈ અને હાથ-મોં ધોઈને રસોડામાં ગઈ. પોતાને ભાવે એવી મરીમસાલા વગરની શુદ્ધ ચા બનાવીને હજી તો મોંએ માંડવા જાય છે ત્યાં ચંપાનો અવાજ આવ્યો, “બા, બારણું ખોલો ને!”

છોકરી મજાની હતી. આવતાંવેંત “જેશીક્રસ્ન” બોલીને એક બાજુ અદબભેર ઊભી રહી. સુમિત્રાએ પહેલાં અચરજથી અને પછી યાદ આવ્યું એટલે જરા મૂંઝાઈને એની સામે જોયું. સારું થયું, ભીંતમાં જડેલા નાનકડા કબાટમાંથી એકની અભરાઈ પર થોડા નાસ્તાના ડબા ને બે-ત્રણ બરણીઓ પડ્યાં હતાં. એકમાં તો બિસ્કિટનાં ફોડ્યાં વગરનાં પૅકેટ જ હતાં.

“તને ખારાં ભાવે કે મોળાં કે પછી ગળ્યાં?” એણે હસતાંહસતાં પૂછ્યું.

ચંપા શરમાઈ ગઈ કંઈ બોલી નહીં, સુમિત્રાએ એક ક્રીમવાળાં બિસ્કિટનું આખું પૅકેટ એના હાથમાં મૂકી દીધું.

“આ તો... આ તો... આખું છે.”

“ઘેર જઈને ફોડજે. તારી માને કહેજે, તને આપશે.”

“પછી અહીં ઝાડુપોતાં કરવા આવે ત્યારે પાછું આપી દેશે હેં ને?”

“અરે વાહ, તું કાશીની દીકરી છે? મને તો ખબર જ નહીં.”

છોકરી શરમાઈ ગઈ. એના હાથનો સળવળાટ જોઈને સુમિત્રા સમજી ગઈ કે એને જેમ બને તેમ જલદી ઘેર પહોંચી જવાનું મન છે – એણે કહ્યું,

“ચાલ, ભાગ હવે – બીજી વાર મારા બરડા પર પડી છે ને, તો બિસ્કિટને બદલે ધબ્બો મળશે ધબ્બો!”

બન્ને જણ હસી પડ્યાં ને ચંપા ઝટપટ ભાગી ગઈ. ચા પીતાંપીતાં સુમિત્રાને વિચાર આવ્યો, ઘરમાં બધાં સારાં જ હતાં, પણ આમ મને ફાવે તેમ ગમે તેને ગમે તે આપી દેવાનું નહોતું બની શકતું, સહેજ સંકોચ થતો

હતો. કોઈ કંઈ બોલતું તો નહીં, પણ સામસામા આંખોના પલકારા ઘણું બધું કહી દેતા હતા...

છટ્ મને આ નકામી પાણીમાંથી પોરા કાઢવાની ટેવ પડી ગઈ છે. પોતાની જાતને ઠપકો આપ્યા પછી સુમિત્રાએ ઝટપટ નહાઈ-ધોઈને પરવારવાનું નક્કી કર્યું. ઘરમાં કોઈ છોકરાની વરસગાંઠ હતી એટલે ટિફિન આવવાનું હતું. જાતે રાંધવાની ખટપટ કરવાની જરૂર નહોતી.

અરે બાપ રે, ઘેર હોત તો તો કોને બોલાવવાં, શી રસોઈ કરાવવી, બાળકોની રમતગમત, રિટર્ન ગિફ્ટ કંઈ કંઈ ધમાલ ચાલતી હોત. આ તો ટિફિન લઈ લેવાનું, પાંચસોનું કવર પકડાવી દેવાનું ને વાત પતી.

જો કે છોકરાં વહાલાં હતાં. ખોળામાં ચડી બેસે ને કપડાં વીંખી નાખે તેનોય એક આનંદ હતો, પણ સુશીલ વહુઓના ચહેરા પરનો અણગમોય દેખાઈ તો જતો.

સુમિત્રા જાણે છે – એના સમાજની ઘણી બધી સ્ત્રીઓ કરતાં એ વધારે સુખી છે. માબાપને ત્યાં કે સાસરે કોઈ ભીષણ સંકટનો સામનો નથી કરવો પડ્યો. તે છતાં એક વાત તો સાચી, કોઈ ને કોઈ પ્રકારનો અદશ્ય બોજ તો મન પર રહ્યો જ છે. પોતાના જીવનનું મધ્યબિંદુ તે પોતે રહી શકી નથી.

એટલે જ કુટુંબની સંમતિ લઈને અહીં રહેવા આવવાનું નક્કી કર્યું હતું એણે.

બની શકે કે આ અખતરો સફળ ન પણ થાય. તેથી શું? ભૂલ થવાના ડરથી ક્યારેય કશું કરવું જ નહીં?

રવિવાર નહોતો તે છતાં સૂર્યની જ પૂજા કરવાનું મન થયું. મૂર્તિની આવશ્યકતા પણ ન લાગી. પ્રત્યક્ષ દેવતા આકાશ અને પૃથ્વી બન્નેને અજવાળી રહ્યા છે ત્યારે નિર્મળ મનથી એક લોટો જળની ધાર સાથે મનની સઘળી કલુષિતતા પણ વહી જવા દેવી અને બાલ્યભાવે પ્રણામ કરવા એને શું પૂજા ન કહી શકાય?

અને આ આખો મામલો એની અને રવિમંડલમાં સ્થિત કોઈ અદશ્ય દેવતા વચ્ચેનો છે. એમાં કોઈના પ્રમાણપત્રની ક્યાં જરૂર છે?

પોતે કોઈ તીર્થયાત્રા કરી આવી હોય એવા શાંત અને પવિત્ર ભાવે તે પોતાના નાનકડા ઘર તરફ પાછી વળી અને હજુ તો બારણાં બંધ કરે તે પહેલાં ચકચકાટ સફેદ રંગની લાંબી મોટરકાર આવીને આંગણામાં ઊભી રહી.

'અરે વાહ, ટિફિન આટલું વહેલું?' સુમિત્રાના મનમાં વિચાર આવ્યો તેવો જ પાછો શમી ગયો. લાંબો કોટ, ધોતિયું ને માથે ટોપી પહેરેલા છ ફૂટ ઊંચા મન્મથરાય મોટરમાંથી ઊતરીને એના ઘર તરફ આવી રહ્યા હતા. એમની પાછળ માંડ માંડ ડગલાં ભરતાં સરિતાબેન કંઈક મૂંઝાયેલાં લાગતાં હતાં.

ઔપચારિક વાતચીતની રાહ જોયા વગર મન્મથરાયે સીધું જ શરૂ કર્યું,

"વેવાણ! આ શું માંડ્યું છે તમે? ચાલો, મોટરમાં બેસી જાઓ. જે કંઈ હશે એનો નિકાલ કરીશું. પણ આમ છેલ્લે પાટલે ન બેસાય."

"અરે!" આશ્ચર્યચકિત સુમિત્રા અખિલના સસરાનું આ રૌદ્રરૂપ જોઈ રહી.

બિચારાં સરિતાબેન બોલ્યાં, "આવું શું કરતા હશો? એક વાર ઘરમાં તો ચાલો!"

'તું ચૂપ રહે!' કહી મન્મથરાયે ફરી વાર શરૂ કર્યું, "અંબરીષ શેઠ ગયા એટલે તમે જેમ ફાવે તેમ કરી શકો એવું માનો છો? હું મારા કામે મદ્રાસ ગયો હતો – કાલે રાતે જ આવ્યો. આ જાણ્યા પછી રાતે ઊંઘ્યો નથી, જાણો છો? આટલી ઉંમરે આવા ભવાડા કરવાના શોભે છે?"

સુમિત્રા છક થઈ ગઈ. તોયે વિવેક ગુમાવ્યા વગર બોલી, "ચાલો ને અંદર! નિરાંતે વાત કરીએ."

"હું એ જ કહેતી હતી." સરિતાબહેને કહ્યું.

"તું તો બોલીશ જ નહીં. અને વેવાણ, તમારે ઘરને તાળું મારવું હોય તો મારી લો. હું મોટરમાં તમારી રાહ જોઉં છું." કહીને મન્મથરાય ઊંધા ફર્યા.

આ માણસને કેવી રીતે સમજાવાય કે સુમિત્રાની જિંદગી એની પોતાની છે અને પોતાને ગમે એ રીતે જીવવાનો એને પૂરેપૂરો હક છે. એનાં કુટુંબીજનોએ એ બાબત ગમે કે ન ગમે તોયે હાલ પૂરતી તો સ્વીકારી લીધી છે. છતાં એણે કોશિશ કરી જોઈ. સ્વાભાવિક કંઠે કહ્યું,

"તમે નકામો ફેરો ખાધો. મારે આવવું હોત તો છોકરાઓને ન બોલાવી લેત?"

"એટલે? નથી આવવું? અહીં જ પડ્યાં રહેવું છે ને ઘરની આબરૂના ધજાગરા કરવા છે? લોકો શું કહેશે – જરા વિચાર તો કરો. અમારી દીકરીનું કેવું દેખાશે?"

"આમાં નયનાને શું લાગેવળગે?"

"લે, સાંભળ, તારાં વેવાણની વાતો. સાસુ ઘર છોડીને જતી રહે એમાં વહુનું ખરાબ ન દેખાય? પણ કહેવત છે ને, બૈરાંની બુદ્ધિ પાનીએ!" મન્મથરાયે મોરચો બદલ્યો.

સરિતાબેન ગભરાઈ ગયાં હતાં. એક તરફ જેણે હંમેશાં સારો સંબંધ રાખ્યો હતો એવી સુમિત્રા અને બીજી તરફ નર્યા જુનવાણી માનસવાળા પતિદેવ!

આ વખતે સુમિત્રાએ મન્મથરાયને કશો જવાબ ન વાળ્યો. સીધો નયનાને મોબાઇલ જોડીને કહ્યું,

"તારા બાપુજી અહીં આવ્યા છે, નયના!"

"મેં તો બહુ ના પાડી હતી પણ એ ક્યાં કોઈનું માને છે?"

"ચાલ, તો તો બહુ સારું. મને થયું કે કદાચ તને એવું લાગ્યું હોય કે–"

"ના, ના, મમ્મી! હોતું હશે?"

"તો ઠીક." ફોન પાછો બટવામાં મૂકીને સુમિત્રાએ પૂરી સ્વસ્થતાથી મન્મથરાય સામે નજર માંડી અને કહ્યું,

"જુઓ મન્મથરાય, આમાં તમારી ઘણી ગેરસમજ થઈ છે. હું ક્યાં રહું છું અને ક્યાં નહીં એ મારા કુટુંબનો પ્રશ્ન કદાચ હોઈ શકે પણ સમાજનો તો નથી જ. અને મારા કુટુંબમાં આ વિશે કોઈને કશો વાંધો નથી માટે મારી તમને વિનંતી છે કે આ બાબતને મોટું સ્વરૂપ ન આપો અને તમે બન્ને જણ અંદર આવીને જરા નાસ્તોપાણી કરો."

આના જવાબમાં મન્મથરાયે મોઢું ફેરવીને મોટર તરફ ચાલવા માંડ્યું અને સરિતાબેને સુમિત્રાનો હાથ પકડીને જરા ઓશિયાળું મોઢું કર્યું; અને કહ્યું,

"પછી આવીશ – હમણાં તો નહીં જાઉં તો રાડારાડ કરશે પાછા."

"સમજું છું." સુમિત્રા બોલી.

"ક્યારની શું ગાથામોથા કરે છે? મારે ઑફિસે જવાનું છે. ઝટ પગ ઉપાડ." મન્મથરાય ગરજ્યા.

સરિતાબેને ઝટ પગ ઉપાડ્યા. વિકલ્પ જ ક્યાં હતો?

સુમિત્રાએ ઘરમાં જઈને પાણી પીધું અને છાપું વાંચવા માંડ્યું. થોડી વારમાં ટિફિન આવ્યું અને સાથે શૈલ પણ આવ્યો. માબાપે શીખવ્યું હશે એમ પગે પણ લાગ્યો અને વટથી બોલ્યો, "આઇ એમ સેવન ટુડે!"

"અરે વાહ!" એના હાથમાં કવર મૂકતાં સુમિત્રાએ એનો હાથ ખેંચીને ખોળામાં બેસાડી દીધો અને નાનકડા શરીરની ઉષ્મા અનુભવવાનું સુખ જરા વાર માણી લીધું.

"શૈલ! બર્થડેની પાર્ટી ક્યારે છે?"

"પાંચ વાગ્યે – સૉરી, કાન્ટ ઇન્વાઇટ યુ. તમે બહુ મોટાં છો."

"સાચી વાત – ચાલ, આવજે – મારા કરતાંયે મોટો થજે ને મઝા કરજે."

"થૅન્ક યુ."

છોકરો ગયો અને ટિફિનમાંથી પોતાને ભાવતી બે-ત્રણ વાનગીઓ ટેબલ પર મૂકીને બાકીનો માલ ફ્રીઝમાં ગોઠવી દીધો. અધૂરું છાપું ફરી વાર હાથમાં પકડતાં વિચાર આવ્યો, આવી એક મજબૂત દીવાલ પાછળ જ સ્ત્રીઓને ધકેલી દેવાથી તેઓ સુરક્ષિત અને અલબત્ત – સુખી જ રહેશે એવી શોધ કોણે કરી હશે? આ મન્મથરાય જેવા માણસો લઘુમતીમાં હશે કે બહુમતીમાં?

છોડ ને આ બધી પંચાત! કહી મનને ટપાર્યું પણ મનના વાનરવેડા ઓછા છે? થોડી થોડી વારે મન્મથરાયનાં વાગ્બાણ અને ક્રોધિત મુખમુદ્રા યાદ આવવા લાગ્યાં – આ માણસ કદાચ બધા સાથે આમ જ વર્તતો હશે. એ અહંકેન્દ્રી છે – પોતાની એડી નીચે કચરાઈ જનાર સ્ત્રી છે કે પુરુષ એની એને ઝાઝી પરવા ન પણ હોય. શા માટે પોતે પણ સમાજે રચેલા આ જુદા

જુદા વાડાનો વગર વિચારે સ્વીકાર કરી રહી છે?

છાપું વંચાઈ ગયું. ભોજન પતી ગયું – સુમિત્રા ડાયરી લખવા બેઠી – અહીં પણ લોકો એનો કેડો મૂકતા નથી. યશુ ફોન કરે છે. એને કુતૂહલ છે. મન્મથરાય જાતે પધારે છે. એમને કુતૂહલ નથી. ક્રોધ છે. કોઈ પણ વ્યક્તિ સમાજે સ્વીકારેલી પ્રણાલિકાની બહાર પગલું મૂકે તે એ સહન નથી કરી શકતા. ઠીક, પોતે પણ જાણ્યે-અજાણ્યે એ જ ઘરેડમાં નહોતી પડી રહી આટલાં વરસ? અંબરીષને ગયે પાંચ-છ વરસ થઈ ગયાં. પોતાને પણ ક્યારે સૂઝ્યું હતું કે આમ પોતાની મેળે રહી શકાય? આ ડાયરી પણ એ કોને માટે લખી રહી છે? કદાચ એના મનમાં ઊંડે ઊંડે ધરબાઈ ગયેલો એવો વિચાર નથી કે ક્યારેક આ સુખના દિવસો આથમી જશે અને એ વળી પાછી પહેલાંની જેમ જ જીવતી થઈ જશે ત્યારે આ ડાયરી વાંચવાથી થોડી આસાએશ મળશે?

હં, એમ જ છે, તો શું ક્યાંય એવો કોઈ રસ્તો નથી કે જેના પરથી પાછું ન વળવું પડે? હશે જ... હોય જ. સુમિત્રા એ રસ્તો શોધી કાઢશે. ભલે પોતે જઈ નહીં શકે તોયે એની ઝાંખી તો કરશે જ. એટલુંયે ઘણું.

કોઈ અજાણ્યા પંખીનો અવાજ સાંભળતાં જ એની કલમ થંભી ગઈ. ઊઠીને બારી બંધ કરી. પંખો ચલાવીને એ થોડી વાર સૂઈ ગઈ. કદાચ સાંજ લગી નિંદર જાત નહીં પણ વળી પાછો પેલો મોબાઇલ...

માલતી જ હતી. એણે સીધેસીધું પૂછી લીધું, “સુમી, પાએક કલાકમાં તારે ત્યાં ટપકી પડું તો ચાલે?” સુમિત્રાને એની વાત સાંભળીને, એનો અવાજ સાંભળીને આનંદ થયો. બોલી, “ચાલે નહીં, દોડે – ઇવન ઊડે! – એકલી જ આવવાની છે કે સાથે કોઈ છે?”

“છે એક જણ. તને મળવાનું ગમે એવું. લાવું ને?”

“આવ અને લાવ. હું ચા કરી રાખીશ.”

“અરે વાહ!”

ચાલો, આજે લજામણી ભલે રાહ જોતી. થોડું કુતૂહલ પણ જાગ્યું – માલતી કોને લઈને આવવાની હશે. ઝડપથી યાદ કરી લીધું – ટિફિનમાં

શું વધ્યું છે, કબાટમાં ડબલાડૂબલીમાં શું હોઈ શકે – પછી જરા ઠીકઠાક થઈને બહારના ઓટલા પર બેઠી. માલતી કોને લાવવાની હશે? કોઈ જાણીતું જ હશે કે અજાણ્યું? પા કલાકથી વધારે સમય થયો તેમ તેમ સુમિત્રાની અધીરાઈ વધતી ચાલી. પછી યાદ આવ્યું કે ચા બનાવવાની તો રહી ગઈ એટલે એ વળી પાછી અંદર પેઠી. એ બધો કારભાર પત્યો ન પત્યો એટલામાં બારણા પાસેની ઘંટડી રણકી.

સુમિત્રાએ જરાક દોડીને બારણું ખોલ્યું – માલતી જ હતી અને સાથે હતો કોઈ અજાણ્યો પુરુષ – મોટી ઉંમરનો પણ ઘણો દેખાવડો. એક વાર જોયા પછી ઝટ ભુલાય નહીં એવો. બે હાથ જોડીને અંદર પ્રવેશતાં જ એની સાહજિકતા અને શાલીનતા દેખાડા વગર જ પ્રગટ થઈ.

“સુમી, આ વિનયના ફ્રેન્ડ છે. પંડિત ઉદિત મોહન. અઠવાડિયાથી અમારે ત્યાં છે. સિતાર બહુ સરસ વગાડે છે. મને થયું કે તને ઓળખાણ કરાવું. કદાચ હવે અહીં જ રહે.”

“બહુ સરસ.”

“પહેલાં તેં મને કહેલું – યાદ છે? તને સિતારનો શોખ છે.”

“હા – સાંભળવાનો!” કહી સુમિત્રા હસી પડી અને આગતાસ્વાગતામાં ગૂંથાઈ.

પંડિતજી બહુ ઓછું બોલ્યા. કદાચ એમને વાતો કરવાની ટેવ નહીં હોય.. પણ માલતી અને સુમિત્રાને તો વાતચીતનો આનંદ માણવો હતો એટલે વખત બહુ ઝડપથી પસાર થઈ ગયો.

વચમાં તક મળી એટલે સુમિત્રાએ પૂછી લીધું, “તે આ પંડિતજી હવે અહીંયાં ક્લાસ કાઢવાના છે?”

“ના ના, આ લોકો કંઈ એવું બધું ના કરે. ગુરુશિષ્ય પરંપરા ને પેલું શું – ગંઠા કે કંઠા બંધન હોય છે ને એવું બધું – જવા દે ને, આ તો વિનય લઈ આવ્યો એટલે આપણે ઘેર થોડો વખત રહેવાના છે.”

“વિનયભાઈ પણ જાતજાતના ફ્રેન્ડ કરી લાવે છે, નહીં?”

"હા - એ એની ખૂબી છે. પણ સારું, એક વાતે – અમે બે એકલાં એકલાં બોર થઈ જઈએ એના કરતાં નહીં?"

"હું..."

"સુમી, મારે કંઈ પૂછવું નથી, જાણવું પણ નથી, માત્ર જણાવવું છે કે આઇ એમ ઑલ્વેઝ ધેર."

"એ તારે જણાવવું પડે?"

બન્ને જણનાં સામસામાં સમજદારીભર્યાં સ્મિતમાં બધી વાત પતી ગઈ. માત્ર જતી વખતે પંડિતજી બે-ચાર ડગલાં આગળ નીકળ્યા ત્યારે સુમિત્રાએ માલતીનો હાથ પકડીને જરાક દાબ્યો અને કહ્યું, "ચિંતા ના કરતી. કોઈ પ્રૉબ્લેમ નથી."

"હાશ!"

સુમિત્રાને ખબર હતી, માલતીને એને માટે સાચી લાગણી હતી, કંઈ કહેવા જેવું હોત તો જરૂર કહ્યું હોત... પણ આમ તો એવું હતું જ શું?

ત્યાર પછીના ચાર-પાંચ દિવસ એમ ને એમ વીતી ગયા. ઝાડુપોતાં, કપડાં, વાસણ બધું કાશી કરી જતી હતી. મન ફાવે ત્યારે જે ખાવાની ઇચ્છા થાય તો બનાવી લેતાં ક્યાં નહોતું આવડતું? મઝા આવતી હતી આમ રહેવાની.

વચ્ચે એક વખત યશુએ લેક્ચર આપ્યું હતું, "કમ સે કમ તારે કંઈ સોશિયલ વર્ક તો કરવું જ જોઈએ."

"શા માટે?"

"જો ને, આપણા દેશમાં કેટલા બધા લોકો દુઃખી છે; કોઈ ગરીબ, કોઈ અભણ, કોઈ રોગી, કોઈને ત્યાં વળી એટલા ઝઘડા કે લોકો રીતસરના આપઘાત કરે છે. આમને માટે તારે કંઈ કરવું ન જોઈએ?"

"મારે જ શા માટે કરવું જોઈએ?"

"કારણ કે તારે માથે હવે કુટુંબની તો કશી જ જવાબદારી રહી નથી. તું તદ્દન ફ્રી છે."